## જન્મદિને વધામણી




રીયાન કુંજલભાઈ પટેલ



રીયા કુંજલભાઈ પટેલ

# અધ્યાત્મ અને જીવનનો સમન્વય કરતી ચિંતનયાત્રા







પરમનો સ્પર્શ પામવાના ભિન્ન ભિન્ન માર્ગો છે. કોઈ જ્ઞાનના માધ્યમથી-ગ્રંથાભ્યાસ દ્વારા એને પામવાનો પ્રયાસ કરે છે, કોઈ ધ્યાન સાધનથી એની પ્રાપ્તિ માટે ધ્યાનસ્થ બને છે. કોઈ અવિરત ધર્મયાત્રાઓ કરે છે, કોઈ જીવનમાં ધર્મક્રિયાને અપનાવી એક પછી એક ક્રિયાઓ કર્યે જાય છે. જ્ઞાન, કર્મ, ધ્યાન કે ભક્તિ - ગમે તે માર્ગે વ્યક્તિ પરમની પ્રાપ્તિ માટે પ્રયાસ કરે છે. ધર્મ તત્ત્વનું અવગાહન, સંતોનો સત્સંગ, મેળાપ, અધ્યાત્મ રસિકોનો મેળાપ અને ભીતરમાં સદૈવ વહેતી અધ્યાત્મની પિપાસામાંથી આધ્યાત્મિક અનુભૂતિ માટેની અભિપ્સા અને ઉપાસના. ધર્મ-સંપ્રદાયના આંધળા અભિનિવેશથી કે કશી વાડાબંધીથી મુક્ત પરમના સ્પર્શની જેને ઝંખના જાગી છે એવા સ્પર્શને પામવા માટે આંતરજીવનની તાલીમશાળામાં કેટલાક પ્રયોગો કર્યા અને એ રીતે પરમનો સ્પર્શ પામવાની નોંધવહી તૈયાર થતી રહી, જેનું ચિંતન સૌ માનવીને માટે ઊર્ધ્વારોહણમાં પ્રેરક બને એ જ એક આશય તેમજ ઉદાહરણમાં ચિંતન ખોવાઈ જાય નહીં તેની તકેદારી સાથે સિક્કાની બંને બાજુની માફક શુભ પરિબળો સાથે અશુભ પરિબળોને પણ ધ્યાનમાં રાખી રચાયેલી લેખમાળાના પુસ્તકની વાત આજે કરવી છે.

'પરમનો સ્પર્શ' પુસ્તકના લેખક કુમારપાળ દેસાઈ જૈનિઝમના મર્મને પામી ચૂકેલા વરિષ્ઠ સાહિત્યકાર, પત્રકાર અને ચિંતક છે. વિન્ધકોષ જેવી સંસ્થામાં પોતાની આગવી ઓળખ અને સૂઝથી અનેક વૈવિધ્ય ધરાવતી પ્રવૃત્તિઓના પ્રેરક બન્યા છે. સર્જક 'જયભિખ્ખુ'ના સાચા સાહિત્યિક વારસ કુમારપાળભાઈ ગુજરાત સમાચારની રવિવારીય પૂર્તિમાં વર્ષોથી તેમની કોલમ 'ઈંટ અને ઈમારત' તેમજ 'જાણ્યું છતાં અજાણ્યું' જે જયભિખ્ખુએ 'મુનિન્દ્ર'ના ઉપનામથી શરૂ કરેલી તે લખવાની મોટી જવાબદારી સ્વીકારી લખતા રહ્યા છે. તેમાંથી કેટલાક લેખોનો સંચય કરી ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં આપણને ૪૪ જેટલા લેખો મળે છે. જે જીવનની સમજદારી ખીલવવામાં ઉપયોગી, સત્યવિચાર અને વિચારતત્ત્વ પ્રગટ કરે છે. બહુજનહિતાય, બહુજન-સુખાય એવા આ પુસ્તકમાં હૃદયની ઉર્ધ્વતાની ઝંખના અને પરમ તત્ત્વને જરૂર પડ્યે ગ્રંથો અને પરંપરાની પાર જઈને જોવાની લેખકની મનોકામના રહી છે.

જેને પરમનો સ્પર્શ પામવો છે એ વ્યક્તિ પોતાના જીવનમાં થતી નાનામાં નાની ભૂલ તરફ કેવો અભિગમ દાખવશે ? જીવનમાં જાગૃતિથી જીવનાર એ પોતાની ભૂલ અંગે જ ગંભીરતાથી વિચાર કરશે. કોઈ કડવું કારેલું ખાધું હોય અને પછી વ્યક્તિ મોંમાંથી થૂ થૂ કરીને એને બહાર ફેંકી દે છે, પછી બીજીવાર એને ખાવાનું નામ ન લે, એવું જાગૃત માનવીનું પોતાની ભૂલ અંગે વલણ હોવું જોઈએ. આવું વલણ ત્યારે જ કેળવાય કે જ્યારે વ્યક્તિની પાસે પળનો પણ પ્રમાદ ન હોય અને પરમના સ્પર્શનું ધ્યેય હોય.

ધાર્મિક સિદ્ધાંતો, સાંપ્રદાયિક આચારો, ધર્મગ્રંથોનું તત્ત્વજ્ઞાન કે ઉપદેશકના ઉપદેશોથી આજનો સાધના માર્ગનો પ્રવાસી ઘેરાઈ ગયો છે. વૈભવશાળી મંદિર નિર્માણ કરીને, ખર્ચાળ ઉત્સવો અને ભવ્યાતિભવ્ય મહોત્સવો રચીને કે પછી પોતીકો પંથ સ્થાપીને પરમને પામવાનો પ્રયત્ન થતો હોય છે. આવા સમયે એ બધાંથી અળગા રહીને અધ્યાત્મની પ્રયોગશાળામાં ઊર્ધ્વતાની સાધના માટે આવશ્યક માનવચિત્તનું વિશ્લેષણ અહીં કરવામાં આવ્યું છે. અધ્યાત્મની લૅબોરેટરીમાં જુદી જુદી વૃત્તિઓની ઓળખ અને એના પરના સ્વસ્થ સંયમ વિશે આવશ્યક પ્રયોગની પ્રસ્તુતિ કરવામાં આવી છે અને એ રીતે પરમનો સ્પર્શ પામવાની નોંધવહી અહીં રજૂ કરી છે.

આ પુસ્તકમાં ઉપાસકની ઈચ્છાનો નહીં, પણ પરમ તત્ત્વની સાધક માટેની મરજીનો વિચાર કરવામાં આવ્યો છે. પરમાત્મા પાસે એક યા બીજા પ્રકારે અવિરતપણે પ્રાપ્તિની યાચના કરનાર ઉપાસકની અહીં વાત નથી. અહીં તો પરમના ભીતરના મનોભાવોને પારખીને એ માર્ગે એક પછી એક ડગ માંડવાની વાત છે. નાનાં પગથિયાં ચડતાં જઈને પરમના સ્પર્શની ઈચ્છાએ એની સમીપે પહોંચવાનું પ્રયોજન છે. આથી જ આ પુસ્તકમાં આરાધકની અવિરત યાચનાને બદલે પરમની અદમ્ય ઝંખના કેન્દ્રસ્થાને રહી છે.

'પરમનો સ્પર્શ'ના લેખક કુમારપાળ દેસાઈ ભારત સરકારના પદ્મશ્રી સન્માનથી સન્માનિત થયેલા છે. આચાર્ય તુલસી અને કાન્ત સન્માન મેળવનાર લેખકને અનેક પારિતોષિકો અને ચંદ્રકો પ્રાપ્ત થયા છે. અનુવાદ, ચરિત્ર, ચિંતન, નિબંધ, બાળસાહિત્ય, વાર્તાસંગ્રહો એમ સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં તેમનું ખેડાણ રહેલું છે. પરમનો સ્પર્શ પામવાની તેમની આ યાત્રા ભાવકો અને વાચકો માટે ખૂબ ફળદાયી રહેશે તેવી શુભ ભાવના સાથે પુસ્તકને આવકારું છું અને લેખકને અભિનંદું છું.

પરમનો સ્પર્શ, લેખક : કુમારપાળ દેસાઈ
પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮, કિંમત : રૂા. ૨૫૦/-

# સ્વર્ણિમ યુનિવર્સિટીમાં સ્પૉર્ટ્સ ડે





ગાંધીનગર, તા. ૫

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી અને અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બીઆરઆઈના સંયુક્ત ઉપક્રમે સ્પોર્ટ્સ વીક-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૫૦ જેટલી બીએસસી, એમએસસી અને ફાર્મસીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે અતિથિ વિશેષ તરીકે પૂર્વ ભારતીય ક્રિકેટર ઝાહિર ખાન ઉપસ્થિત રહ્યા હતા. ઝાહિરે વિદ્યાર્થીઓ જોડે ક્રિકેટ રમીને તેમના માટે આ કાર્યક્રમ યાદગાર બનાવી દીધો હતો.

# પોરબંદરથી સાબરમતી આશ્રમ સુધીની પદયાત્રા






ગાંધીનગર, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપનાનાં ૫૦ વર્ષ અને ગાંધીજીની જન્મજયંતિના ૧૫૦માં વર્ષને ધ્યાનમાં રાખીને પોરબંદરથી અમદાવાદ-સાબરમતી આશ્રમ સુધીની પદયાત્રાનો ગાંધી નિર્વાણદિનથી આરંભ કરવામાં આવ્યો છે.

આ પદયાત્રાનો પ્રારંભ ધારાસભ્ય બાબુભાઈ બોખીરિયા, પોરબંદર જિલ્લા કલેક્ટર અને રાષ્ટ્રી યસેવા યોજનાના ગુજરાત રાજ્ય નિયામક કમલકુમાર કર દ્વારા કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠના ઍનઍસઍસ સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધી, રાષ્ટ્રીય ગાંધી સ્મારકના રમેશભાઈ શર્મા, પદયાત્રાના મુખ્ય વ્યવસ્થાપક રમેશભાઈ બારોટ, સિનિયર પ્રાધ્યાપક રમેશભાઈ પટેલ, ડૉ. અરવિંદ રામી, હિરેનભાઈ ચૌહાણ અને ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. નીરજ સિલાવટ ઉપસ્થિત રહ્યા હતા.

આ પદયાત્રાનું આયોજન શાળાઓ, મહાશાળાઓ અને ગ્રામજનોને ગાંધીજીના વિવિધ રચનાત્મક કાર્યક્રમો વિશે અવગત કરાવવા હેતુ કરવામાં આવ્યો છે. પદયાત્રા ગાંધીજીના જીવન ચરિત્ર આધારિત એક પ્રદર્શનનું આયોજન પણ કરે છે અને પ્રેરણાદાયી ગીતો દ્વારા યુવાનોમાં જીવનમૂલ્યોનું ઘડતર કરવાનો પણ સુંદર પ્રયાસ કરે છે. હાલ આ પદયાત્રામાં શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખાના ઍનઍસઍસ સ્વયંસેવકો ભાગ લઈ રહ્યા છે.

# એસ.જી. - એસ.વી. શાળામાં દાદા-દાદી સત્કાર સમારોહ





ગાંધીનગર, તા. ૫

એસ.જી. એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૧ થી ૪ના બાળકોના દાદા દાદી સત્કાર સમારોહ યોજાયો આ સત્કાર સમારોહમાં બાળકોએ પોતાના દાદા દાદી સમક્ષ ડાન્સ રજૂ કર્યા હતા,તેમજ સંગીત ખુરશી,આંધળો પાટો જેવી રમતો પણ દાદીને રમાડી હતી ત્યારબાદ દાદા દાદીએ પોતાના પૌત્ર સાથે સેલ્ફી પડાવી તેમજ પોમ પોમ ડાન્સ પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં દાદા દાદી ભાવ વિભોર થઈ ગયા હતા તેમજ કહેતા હતા કે અમને આ કાર્યક્રમમાં ખૂબ જ મજા આવી હતી. આ કાર્યક્રમમાં દાદા દાદીને તેમના બાળપણની યાદ આવી ગઈ હતી. બાળકોને પણ દાદા દાદીને વિવિધ રમતો રમતા જોઈને આનંદિત થઈ ગયા હતા.ખરેખર આ કાર્યક્રમ દાદા દાદી માટે વિસ્મરણીય બની ગયો હતો.

# નવગુજરાત લૉ કૉલેજમાં વિવિધ ડેની ઉજવણી





ગાંધીનગર, તા. ૫

સોમનાથ કેળવણી મંડળ સંચાલિત નવગુજરાત લૉ કૉલેજ, સૅક્ટર-૨૮ દ્વારા સિગ્નેચર ડે, ચોકેલેટ ડે, બ્લેક ડે, ગૃપ ડે અને રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકોએ પણ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.



સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે તાજેતરમાં 'સફળતા તમારી મૂઠ્ઠીમાં' વિષયે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્કશોપ ત્રણ સેશનમાં યોજવામાં આવ્યો હતો. પ્રથમ સેશનમાં સેલ્સ વિભાગના જનરલ મેનેજર વેદાંગ દવે દ્વારા પ્રેરણાદાયી સંબોધન કરવામાં આવ્યું હતું. બીજા સૅશનમાં વિવિધ ઍક્ટિવિટી કરાવવામાં આવી હતી. ત્રીજા સૅશનમાં વિદ્યાર્થીઓનો એપ્ટીટ્યુટ ટેસ્ટ લેવામાં આવ્યો હતો.

વર્કશોપનું સફળ આયોજન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિજૈન, પ્રોવોસ્ટ ડૉ. પી બાલાભાસ્કરન, સ્કૂલ ઓફ એન્જિનિયરીંગના આચાર્ય અજીત પુજારા અને પ્લેસમેન્ટ તથા ટ્રેનિંગ હેડ નિમીષ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં સ્પોર્ટ્સ ડે ઉજવાયો


## ૪૦૦ વિદ્યાર્થિનીઓએ ઈનડોર અને આઉટડોર ગેમ્સમાં ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા. ૪

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે શુક્રવારે સ્પોર્ટ્સ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં દોડ, ગોળાફેંક, લાંબીકુદ, રસ્સાખેંચ અને શટલ રનીંગ જેવી આઉટ ડોર રમતોની સાથે સાથે ચેસ, કેરમ, અને ટેબલટેનિસ જેવી ઈન્ડોર રમતોમાં અંદાજે ૪૦૦ ની સંખ્યામાં વિદ્યાર્થીનીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પોર્ટ્સ ડે ના આયોજનમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. અમૃતાબેન પટેલ, ઉપાચાર્ય ડૉ. પ્રણવભાઈ જોશીપુરા, સ્પોર્ટ્સ ડાયરેકટર હરેશભાઈ પટેલ, સ્પોર્ટ્સ કમિટીના સભ્યો અધ્યાપકગણ, વહીવટી સ્ટાફ ના સભ્યો તેમજ વિદ્યાર્થીનીઓએ અનેરા ઉત્સાહથી ભાગ લઈને "અહી ભાગ લેવો તે જ જીત છે" ની ભાવના વ્યકત કરી હતી. સમગ્ર દિવસ દરમ્યાન માનસી પી.પટેલ ને બેસ્ટ એથ્લેટ જાહેર કરવામાં આવી.

# આત્માના ગુણની સમજ

વિદ્યાર્થીઓનાં શરીર અને મનને કેળવવા કરતાં આત્માને કેળવવામાં મને બહુ પરિશ્રમ પડ્યો. આત્માને વિકસાવવામાં મેં ધર્મનાં પુસ્તકો ઉપર ઓછો આધાર રાખ્યો હતો. તે તે વિદ્યાર્થીઓએ પોતપોતાના ધર્મનાં મૂળતત્ત્વો જાણવાં જોઈએ, પોતપોતાનાં ધર્મપુસ્તકોનું સામાન્ય જ્ઞાન તેમને હોવું જોઈએ, એમ હું માનતો, તેથી તેમને તેનું જ્ઞાન મળે એવી યથાશક્તિ સગવડ મેં કરી હતી. પણ તેને હું બુદ્ધિની કેળવણીનું અંગ ગણું છું. આત્માની કેળવણી એક નોખો જ વિભાગ છે એમ મેં ટૉલ્સ્ટૉય આશ્રમનાં બાળકોને શીખવવા માંડ્યું તેની પૂર્વે જ જોઈ લીધું હતું. આત્માનો વિકાસ કરવો એટલે ચારિત્ર ઘડવું, ઈશ્વરનું જ્ઞાન મેળવવું, આત્મજ્ઞાન મેળવવું. આ જ્ઞાન મેળવવામાં બાળકોને મદદ ઘણી જ જોઈએ, ને તેના વિનાનું બીજું જ્ઞાન વ્યર્થ છે, હાનિકારક પણ હોય એમ હું માનતો.



આત્મજ્ઞાન ચોથા આશ્રમમાં મળે એવો વહેમ સાંભળ્યો છે. પણ જેઓ ચોથા આશ્રમ લગી આ અમૂલ્ય વસ્તુને મુલતવી રાખે છે તેઓ આત્મજ્ઞાન નથી પામતા, પણ બુઢાપો અને બીજું પણ દયાજનક બચપણ પામી પૃથ્વી પર બોજારૂપે જીવે છે, એવો સાર્વત્રિક અનુભવ જોવામાં આવે છે. આ વિચારો હું આ ભાષામાં ૧૯૧૧-૧૨ની સાલમાં કદાચ ન મૂકત, પણ આવી જાતના વિચારો હું તે કાળે ધરાવતો હતો એનું મને પૂરું સ્મરણ છે.

આત્મિક કેળવણી કેમ અપાય ? બાળકોને ભજન ગવડાવતો, નીતિનાં પુસ્તકો વાંચી સંભળાવતો, પણ તેથી સંતોષ નહોતો પામતો. જેમ જેમ તેમના પ્રસંગમાં આવતો ગયો તેમ તેમ મેં જોયું કે આ જ્ઞાન પુસ્તકો વડે તો નહીં જ અપાય. શરીરની કેળવણી શરીરની કસરતથી અપાય, બુદ્ધિની બુદ્ધિની કસરતથી, તેમ આત્માની આત્માની કસરતથી. આત્માની કસરત શિક્ષકના વર્તનથી જ પામી શકાય. એટલે યુવકોની હાજરી હો યા ન હો, તેમ છતાં શિક્ષકે સાવધાન રહેવું જોઈએ. લંકામાં બેઠેલો શિક્ષક પોતાના વર્તનથી પોતાના શિષ્યોના આત્માને હલાવી શકે છે. હું જૂઠું બોલું ને મારા શિષ્યોને સાચા બનાવવાનો પ્રયત્ન કરું તે ફોગટ જાય. ડરપોક શિક્ષક શિષ્યોને વીરતા નહીં શીખવી શકે. વ્યભિચારી શિક્ષક શિષ્યોને સંયમ કેમ શીખવે ? મેં જોયું કે મારે મારી પાસે રહેલા યુવકો અને યુવતીઓની સમક્ષ પદાર્થપાઠરૂપે થઈને રહેવું રહ્યું. આથી મારા શિશઃયો મારા શિક્ષક બન્યા. મારે અર્થે નહીં તો તેમને અર્થે મારે સારા થવું ને રહેવું જોઈએ એમ હું સમજ્યો, ને ટૉલ્સ્ટૉય આશ્રમનો મારો ઘણોખરો સંયમ આ યુવકો અને યુવતીઓને આભારી છે એમ કહેવાય.

આશ્રમમાં એક યુવક બહુ તોફાન કરે, જૂઠું બોલે, કોઈને ગણકારે નહીં, બીજાઓની સાથે લડે. એક દહાડો તેણે બહુ જ તોફાન કર્યું. હું ગભરાયો. વિદ્યાર્થીઓને કદી દંડ ન દેતો. આ વખતે મને બહુ ક્રોધ ચડ્યો. હું તેની પાસે ગયો. તેને સમજાવતાં તે કેમે સમજે નહીં. મને છેતરવાનો પણ તેણે પ્રયત્ન કર્યો. મેં મારી પાસે પડેલી આંકણી ઉપાડી ને તેની બાંય ઉપર દીધી. દેતાં હું ધ્રુજી રહ્યો હતો. આ તે જોઈ ગયો હશે. આવો અનુભવ કોઈ વિદ્યાર્થીને મારી તરફથી પૂર્વે કદી નહોતો થયો. વિદ્યાર્થી રડી પડ્યો. મારી પાસે માફી માગી. તેને લાકડી વાગી ને દુઃખ થયું તેથી તે નહોતો રડ્યો. તે સામે થવા ધારે તો મને પહોંચી વળે એટલી શક્તિ ધરાવતો હતો. તેની ઉંમર સત્તર વર્ષની હશે. બાંધે મજબૂત હતો. પણ મારી આંકણીમાં તે મારું દુઃખ જોઈ ગયો. આ બનાવ પછી તે કદી મારી સામે નહોતો થયો. પણ મને તે આંકણી મારવાનો પશ્ચાત્તાપ આજ લગી રહ્યો છે. મને ભય છે કે મેં તેને મારીને મારા આત્માનું નહીં પણ મારી પશુતાનું દર્શન કરાવ્યું હતું.

બાળકોને માર મારીને શીખવવાની સામે હું હમેશાં રહ્યો છું. એક જ પ્રસંગ મને યાદ છે કે જ્યારે મેં મારા દીકરાઓમાંથી એકને માર્યો હતો. આંકણી મારવામાં મેં યોગ્ય કર્યું કે કેમ તેનો નિર્ણય આજ લગી હું કરી નથી શક્યો. આ દંડની યોગ્યતાને વિષે મને શંકા છે, કેમ કે તેમાં ક્રોધ ભર્યો હતો અને દંડ કરવાનો ભાવ હતો. જો તેમાં કેવળ મારા દુઃખનું જ પ્રદર્શન હોત તો હું એ દંડને યોગ્ય ગણત. પણ આમાં રહેલી ભાવના મિશ્ર હતી. આ પ્રસંગ પછી તો હું વિદ્યાર્થીઓને સુધારવાની વધારે સારી રીત શીખ્યો. એ કળાનો ઉપયોગ મેં મજકૂર પ્રસંગે કર્યો હોત તો કેવું પરિણામ આવત એ હું નથી કહી શકતો. આ પ્રસંગ પેલો યુવક તો તુરત ભૂલી ગયો. તેનામાં બહુ સુધારો થયો એમ હું કહી શકતો નથી. પણ એ પ્રસંગે મને વિદ્યાર્થી પ્રત્યેના શિક્ષકના ધર્મને વધારે વિચારતો કરી મૂક્યો. ત્યાર બાદ એવા જ દોષ યુવકોના થયા, પણ મેં દંડનીતિ ન જ વાપરી. આમ આત્મિક જ્ઞાન આપવાના પ્રયત્નમાં હું પોતે આત્માના ગુણને વધારે સમજવા લાગ્યો.



'સત્યના પ્રયોગો'માંથી સાભાર